गरबावळी.

वडोदरा.

(વડોદરા દેશી કેળવણીખાતા સારૂ)

ગરબાવળી.

સંગ્રહ કરનાર

ગૌરીશંકર પ્રભાશંકર,

વડોદરા ગુજરાતી નં. ૧ લાની નિશાળના
હેડમાસ્તરે સંગ્રહ કરેલી તે

છપાવી આપનાર,
બુકસેલર ઠક્કર,

રણછોડલાલ મોતીરામ, વડોદરાના.

આવૃત્તિ ચોથી.

અમદાવાદ મધ્યે

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને
જ૦ એ૦ કં૦ "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કીમત ૭ પાઈ.

સાહેલીને શીખામણની

ગરબી. ૧

"મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળીરે," એ રાગની છે.

સુતાં ઉઠી શુભ રીતથી સાહેલીરે,
પરમેશ્વર ભજવા પ્રીતથી સાહેલીરે. ૧
પછિ દાતણ પાણી થાયછે સાહેલીરે,
જેથી દુરગંધી જાયછે સાહેલીરે. ૨
નહાવું નિત્ય નિર્મળ નીરથી સાહેલીરે,
સઘળો મેલ જાય શરીરથી સાહેલીરે. ૩
સંતોષે જમિયે જે મળ્યું સાહેલીરે,
નહિં ખાઇએ નિત્ય ગળ્યું ગળ્યું સાહેલીરે. ૪
પટકૂળ ઝીણાં નહિ પહેરીએ સાહેલીરે,
ગાવા ન જવું પરઘેરિયે સાહેલીરે; ૫
આભ્રણ ઝાઝાં નહિ ઇછિએ સાહેલીરે,
સદ્ગુણની શોભા પ્રીછિએ સાહેલીરે. ૬
નિર્લજની સોબત છોડિયે સાહેલીરે,
વાહાલાંથી વેર ન જોડિએ સાહેલીરે. ૭
સગળું સરખું નહિ લખિયે સાહેલીરે,
દલમાં ડાહ્યાં થઈ દેખિયે સાહેલીરે. ૮

सारी चाल चालवा विषे.

ગરબી. ૨

ચાલો તમે ચાલ ઘણી રૂડી,
મુકી દેવી વાણી હોય ભુંડી; ચાલો૰ ૧

રમવું તો ડાહ્યાંની સાથે,
કે કુજીઓ નહીં આવે માથે; ચાલો૦ ૨
વસ્ત્ર વગરનાં નહીં ફરીએ,
મા બાપનું બોલ્યું મન ધરીએ; ચાલો૦ ૩
સુડી પાળી સાથે નહી રમીએ,
બોલેલું વહાલાંનું ખમીએ; ચાલો૦ ૪
બીજા જેવું કાંઈ લેવા માટે,
ન લડીયે. મોટાંની સાથે; ચાલો૦ ૫
સાચું બોલે તે સારી,
જુઠેતો દુખ થાશે ભારી; ચાલો૦ ૬
વિદ્યા ભણશે જે બાળી,
તેનાપર જઈએ બલિહારી; ચાલો૦ ૭
ધંધા વગરનાં નહીં ફરીએ,
મહેતાજીની શિક્ષા મન ધરીએ; ચાલો૦ ૮

છોડીઓને ભણવા વિષે.

ગરબી. ૩

"આવો આવો શીવશંકર ભોળા" એ રાગની છે.

બેનો તમે ભાવ સહિત ભણજો,
બીજા લોકો નિંદે તે નવ ગણજો; બેનો૦ ૧
ભણે તે તો ભગવંતને ભાવે,
એથી દીલ જ્ઞાન અધીક આવે,
તજી અવગુણ સદ્‌ગુણ લાવે; બેનો૦ ૨
ભણે તેતો અપજશથી ભાગે,
જેને ઘણી લાજનો ખપ જાગે,

મોટી સતીઓનું પદ માગે; એનો૦ ૩
દુરાચાર હોય ન ભણે તેમાં,
જગ્યા જુઓ કેદી રહે જેમાં,
અધિક તો હશે અભણ એમાં; એનો૦ ૪
ભણેલી હતી રૂક્ષમણી રાણી,
મીરાંબાઇ મુલકમાં વખણાણી,
જેની કવિતા જગ સૌ જાણી; એનો૦ ૫
પ્રિયાને પાપ ભણે લાગે,
એવું કોઇ લખી ન ગયા આગે,
મોઢ બોલનારા જુઠું ભાખે; એનો૦ ૬
ભણ્યા વિના ક્યાંથી અકલ આણે,
નીતિની રીતિ તે કેમ જાણે;
ભણ્યા વિના જગ પશુ પરમાણે; એનો૦ ૭
ભણીગણી નાગરની નારી,
શી રીતે નહિ કહિયે સારી,
ચતુર લેજો ચિત્તમાં વિચારી; એનો૦ ૮
ભણો તમે આળસ ભ્રમ છોડી,
થશે તેથી લાજ નહીં થોડી,
કહે દલપત બેઉ કરજોડી; એનો૦ ૯

સુંદરબાઇને સાસરે જતાં શીખામણની.

ગરબી. ૪

"અચકો મચકો કારેલી" એ રાગની.

સુંદરબાઈ ચાલ્યાં સાસરીએ,

મા બાપ શિખામણ આપે બેન;
લાજ વધારજો લાએણી.
નીચા કુળની નિર્લજ નારી,
ભરથારનું વેણ ઉથાપે બેન; લાજ૦ ૧
સાસુજી કહે તે સાંભળજો,
કોઈથી વઢવાડ ન કરશો બેન; લાજ૦
સાંખી રહેજો બોલ્યું સહુનું,
અભિમાન ન અંતર ધરશો બેન; લાજ૦ ૨
ઘરમાં બેઠાં ધંધો કરીએ,
પરઘેર ઘણું નવ જઈએ બેન; લાજ૦
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહ્યાં,
તમને ઝાઝું શું કહીએ બેન; લાજ૦ ૩
મેલાં ઘેલાં તો નવ રહિયે,
ચટકો મટકો નવ કરિયે બેન; લાજ૦
કોઇ વાત કરે વાંસે લોકો,
એવૂં ન કદી આચરિયે બેન; લાજ૦ ૪
જે સપૂત છે સારી છોડી,
માબાપની લાજ વધારે બેન; લાજ૦
મણિ લોહતણું સોનું કરશે,
સોબતિને એમ સુધારે બેન; લાજ૦ ૫
જે સંપ સગાંથી તોડેછે,
કોઈ વખતે હાથ ઘસેછે બેન; લાજ૦
જે સૌનું સારૂં ઇચ્છે છે,
તેના દલમાં દેવ વસે છે બેન; લાજ૦ ૬

निशाळे आववा विषे.

ગરબી ૫.

"હારછો હારછો હારછોરે તમે હરિ હૈયાના હારછો" એ રાગ.

આવજો આવજો આવજોરે, આજ વહેલાં નિશાળે આવજો.

બેની મને બોલાવજોરે, આજ૦ ૧
જો તમને અવકાશ ન આવે;
તો કોઈ સાથે કહાવજોરે, આજ૦ ૨
પાટી ને ખડિયો લેખણ સાથે;
લખવાનો સામાન લાવજોરે, આજ૦ ૩
કકો ભણાવી મને આંક ગણાવી;
બારાખડી શીખાવજોરે, આજ૦ ૪
ભૂલ્યો પડે કદિ ભણતાં ગણતાં;
તો મને તુરત બતાવજોરે. આજ૦ ૫
સારી શીખામણ શીખવીને સજની;
બહુ હુશિયાર બનાવજોરે, આજ૦ ૬
સમજાવતાં કદિ જો નવ સમજું;
શિળે સ્વભાવે સમજાવજોરે, આજ૦ ૭
હતી ભણેલી સતજુગની સતીયો;
એવી મને આબરૂ અપાવજોરે, આજ૦ ૮
સારી સુધારી મારા મનની મનસા;
દલના દોષ દળાવજોરે. આજ૦ ૯

ગીત ૬.

"રૂકમણી અંબીકા પૂજવા ચાલી" એ રાગનું.

સૈયર આલીને ભણવા નિશાળે;

દયા કીધી છે દેવ દયાળે. ૧
આપણે ભણવાની થઈ હવે છૂટી,
જશે વેમ તણી ફાંસી તૂટી. ૨
ઘણું જીવો સોસાઈટી સારી,
જેણે દેશમાં વિદ્યા વધારી. ૩
સૈયર આજ આનંદની હેલી,
ભણિયે અંગથી આળસ મેલી. ૪
આજ તો મોતીડે મેહુલા વૂઠ્યા,
ત્રણ લોકતણા નાથ તૂઠ્યા. ૫
લખાણ ખડીઓ ને પાટીરે લઈએ;
પોથી સાથે લઇ સૌ જઈએ. ૬
હેત હૈડામાં માબાપે આણ્યાં,
દિલમાં દિકરા જેવાં કરી જાણ્યાં. ૭
તેથી છાણ વાશીદાં છોડાવી,
ભાવે ભણવા બેસાર્યાં છે આવી. ૮
ભણિ ગણિને શીખામણ લેશું,
માત તાતને આશીષ દેશું. ૯
સઘળી વાતનો થાશે સુધારો,
દલમાં દીન દયાળ સંભારો. ૧૦

दीकरीने विद्यादान देवा विषे.

ભુજંગી છંદ.

ભલીતો થશે જો હશે તે ભણેલી, બહુ સદ્ગુણો શીખિ સારી બનેલી;
વિચારી વિવેકે વસ્તુ વાવરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ઘણું આપીએ જો ઘરાણું ઘડાવી, પછી તેની પાસેથી લેશે પડાવી;

નહીં ઉતરે પાર તેથી તરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૨
સદા સદ્ગુણી જ્યાં જશે ત્યાં સમાશે, ખરા બોલી જે બોલશે તે ખમાશે;
સ્વભાવેથી શોભાવશે સાસરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૩
ઠગાઈ થકી તે કદી ના ઠગાશે, દગાથી ન વૃત્તી કદાપિ ડગાશે;
છળે કોણ તેને જશે છેતરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૪
મળે મોટી વિદ્યા થકી માણસાઈ, ટળે તેથી અજ્ઞાન ને આળસાઇ;
નહીં ફેલ મધ્યે ફસે તે ફરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૫
ન પોંચે હમેશાં પુરૂં હોય પલ્લું, કદી કાળ કાંડા થકી જાય કલ્લું;
નિભે તોય ભંડાર વિદ્યા ભરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૬
સુવિદ્યાથી સંતોષને સૂખ પામે, સુવિદ્યાથી સારી સદા કીર્ત્તિ જામે;
સુવિદ્યા થકી ધૈર્ય રાખે ધર્સીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૭
સુવિદ્યા સખીની પેઠે સૂખ આપે, સુવિદ્યા કુમારી તણાં કષ્ટ કાપે;
સુવિદ્યાથી સંભાળિ દેખે ડરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૮
ભણેલી ભલી ભાત ચાલે સંભાળી, ભણેલી ગણાશે સદા સદ્ગુણાળી;
સુખે સંપને રાખશે સંઘરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૯
ભલી ભાત જેણે ન વિદ્યા ભણાવી, પિતા માતને પાપથી પેટ આવી;
અતી શાપ આપે પિડા ઉચ્ચારીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૧૦
નહીં જે ભણી તે નકી નેણ હીણી, સતી સદ્ગુણો તે શકે કેમ વીણી;
અરે એજ માટે અતી આદરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૧૧
અહો આપ દેશી જનો આજ આમે, રચ્યા છે રૂડા છંદ દલપતરામે;
હવે હોંશથી રાખિ હૈડે હરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને. ૧૨

पंदर तिथिनो गरबो. ૮

સખી પડવે તે પહેલા દનરે, મારૂં ભણવા તે કેરૂં મનરે;
મારૂં તનમન તલપે છે તન, સખી મને ભણવાની લેહે લાગીરે.

સખી બીજે તે બાળા બોલારે, માબાપના પડદા ખોલરે;
મારે જાવું તે સૈયરો જોડે. સખી૦
સખી તીજે તે તેડો તાતરે, મને મૂકોને ભણવા માતરે;
જાઉં સૈયરોની સાથ. સખી૦
સખી ચોથે તે રમત વિસારીરે, આપી ચોપડી શીખવાસારીરે
બુદ્ધિ નિર્મળ થઇછે મારી, સખી૦
સખી પાંચમે પાંચની બાળારે, મને ભણવાની પેઠી જ્વાળારે;
થોડે દહાડે ગણું સરવાળા, સખી૦
સખી છઠે તે છોડિયો સાથરે, વાંચું ઇસપનિતિની વાતરે;
રાજી થાયછે માત ને તાત, સખી૦
સખી સાતમે શિક્ષા સારીરે, ભણો વિદ્યા તે નર નારીરે;
બુદ્ધિ નિર્મળ થાય તમારી, સખી૦
સખી આઠમે અનુભવ લીધોરે, ભૂગોળનો અભ્યાસ કીધોરે;
નકશા જોઇને સારજ લીધો, સખી૦
સખી નોમે તે નમ્રતા સારીરે, કીજે શ્રમ વ્યાકરણમાં ભારીરે;
સાતે વિભક્તી શીખી સારી, સખી૦
સખી દશમે દુરીજન ભાખેરે, ખોટા વે'મ તે મનમાં રાખેરે;
જેમ કહિયે તે તેમ સાંખે, સખી૦
સખીએમ કરતાં એકાદશી આવીરે, વાતો નીતિની મન ભાવીરે;
બાળમિત્રને વાંચવા ફાવી, સખી૦
સખી બારશે બુદ્ધીવંતરે, વિદ્યા શીખોની સહુ જનરે;
મારી વાત માનો સહુ મન, સખી૦
સખી તેરશે તજવો ક્રોધરે, વિદ્યાનો કરોની શોધરે;
તેથી થાશે ઘણો સુબોધ, સખી૦

સખી ચૌદશે ચતુરા ચાલેરે, નિશાળમાં સહિયરો મહાલેરે;
બોધ કથાનો અભ્યાસ ચાલે, સખી૦
સખી પૂનમે પુરણ પ્રીતેરે, ચતુરા ચાલે રૂડી રીતેરે;
વિદ્યાભ્યાસ કરો નીત નીતે, સખી૦
એ પંદર તથી થઇ પુરીરે, એમાં એકે નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, સખી૦

નીતીની સાડી.

ગરબી ૯.

પેરની પેરની પેરનીરે,
બેની નીતિની સાડી પેરની. ટેક.
ખરા કસબને ખરા કસબની;
બાતો ખીલી અજેરનીરે, બેની૦ ૧
સાડીની શોભા સાચી ટકેછે;
જુઠી આ લુગડાં જવેરનીરે, બેની૦ ૨
સાડી રૂડી ઘટ હીરે ધ્રગેછે;
ભારે વજનમાં શેરનીરે, બેની૦ ૨
સાડીની થંડક સુધા સરીખી;
નહીંજ લહીએ કંઈ ઝેરનીરે, બેની૦ ૪
સાડી શીતળથી આંખો મીચાએ;
કહું શી વાત હું લેહેરનીરે, બેની૦ ૫
સાડી તે સારૂં નરસું સુઝાડે;
વીના તે વાત અંધેરનીરે, બેની૦ ૬
એ સાડીનું મૂલ ન થાવે;

પેરે ખસે વાત વેરનીરે, એની૦ ૭
નીતિની સાડી આપે વરોને;
પેરી પાલવ ખંએરનીરે, એની૦ ૮

માતાની સ્તુતિ.

ગરબી. ૧૦

અંબા જોવાની આડીરે, મારા મનમાં છે માડી;
દીધાં તે સુખ દાહાડી દાહાડીરે, મારા મનમાં છે માડી.
ઘણી ઘણી વિપત ઘગાડીરે, મારા મનમાં છે માડી. ટેક
બાળપણે હું હતી બહુ નિર્મળ,
પણ તેં પીડા ન પમાડીરે, મારા૦ ૧
પૃથ્વિ ઉપર મેંતો પગ ન મંડાતો;
પ્રીતે તો ફરતી ઉપાડીરે, મારા૦ ૨
હાલરડાં ગાતી હેતે હીંચોળે;
પારણા માંહી પોઢાડીરે, મારા૦ ૩
બીનેથી કોરે સંભાળીને કરતી;
આછા ઓઆડ ઓછાડીરે, મારા૦ ૪
ભુખી થતી ત્યારે ભર નિદ્રાથી;
ઊંઘે ભરેલી ઉઠાડીરે, મારા૦ ૫
દુખી દેખીને થતી દુખી દિલમાં;
પાંપણથી આંસુ પાડીરે, મારા૦ ૬
જોઇતું તે હું કહી શકતી ન જીભે;
ચેતતી ચિત્ત પહોંચાડીરે, મારા૦ ૭
મારા સારૂં પોધાં તેં ઘણી સુખિયાં;

ખારાં કે કડવાં ઉખાડીરે, મારા૦ ૮
દિવસમાં ઘડીએ ન જંપવા દેતી;
એવી હતી હું અનાડીરે, મારા૦ ૯
ખાતાં પીતાં કે ખરા સુખ દુખમાં;
વિધ વિધ વાતે વિતાડીરે, મારા૦ ૧૦
ચાર ઘડી એવી ચાકરીનો ગુણ;
મનથી શકું ન મટાડીરે, મારા૦ ૧૧
દલપતરામ કહે દાસ થઇને;
આપીશ બદલો અગાડીરે, મારા૦ ૧૨

पीताजीनी स्तुती.

ગરબી. ૧૧

રામ કહે થઇરાજીરે, સુણો પ્યારા પિતાજી.
ગુણ ગણી ગાઇશું ગાજીરે, સુણો પ્યારા પિતાજી.
લેશ તમારૂં વચન નહીં લોપું,
જે કહો તે કહું હાજીરે, સુ૦ ૧
તન મન ધન શિર સર્વશ સોપું;
નિશ્ચે કહું નહીં નાજીરે, સુ૦ ૨
વસ્તિ તજીને વસુ વાસ વનમાં;
જો જીભથી કહો જાજીરે, સુ૦ ૩
પાલણ પોષણ પાડ પિતાનો;
પુત્રી ભુલે તેતો પાજીરે, સુ૦ ૪
સારી સારી ચીજ મુજને જમાડે;
ભક્ષ કરે પોતે ભાજીરે, સુ૦ ૫

પેટે પાટા બાંધી પૈસાની વરવ્ર;
તનુજને ખવરાવે તાજીરે, સુ૦ ૬
કાલા ઘેલાપણે જેજે કહ્યા મેં;
બોલ સાંખ્યા તે બધાજીરે, સુ૦ ૭
અગુણી હતી પણ ગુણ ગણી લીધા;
દુર્ગુણ દુર કિધાજીરે, સુ૦ ૮
સેવકની પેઠે સર્વ પ્રકારે;
સ્નેહથી કીધી સેવાજીરે, સુ૦ ૯
કહોજી કદાપિ હું કેમ વિસારૂં;
અતિ ઉપકાર એવાજીરે, સુ૦ ૧૦
સાદા રહી પોતે મુજને શોભીતા;
શુભ શણગાર સજ્યાજીરે, સુ૦ ૧૧
ખચિત ખરેખરી પ્રીતથી ખાંતે;
ભક્ત રીતે ભજવાજીરે, સુ૦ ૧૨
દુઃખ ખમી દેહે મને સુખ દીધું;
કીધું રક્ષણ કોટિધાજીરે, સુ૦ ૧૩
શીક્ષકની પેઠે મુજને સુધારવા;
દિન દિન બોધ દિધાજીરે, સુ૦ ૧૪
પુત્ર માગે પ્રીતે રાંક ને રાજા;
ભણિ ભણિ ભક્તિ ભાષાજીરે, સુ૦ ૧૫
ઘડપણમાં ઘણી ચાકરી કરશે;
અંતરે એવી આશાજીરે, સુ૦ ૧૬
છાતીમાં રાખીને છાંયડો કીધો;
દિલ ઘણી રાખી દયાજીરે, સુ૦ ૧૭

કોઇ દિવસે મને દુખમાં દીઠી તો;
આંસુ પ્રવાહ વહ્યાજીરે, સુ૦ ૧૮
જો કોઇએ મુજને જ્યારે દૂભી;
ધીરજ છોડી ધખ્યાજીરે, સુ૦ ૧૯
તાતજીરે ઉપકાર તમારા;
લખતાં ન જાય લખ્યાજીરે, સુ૦ ૨૦
મારૂં સારૂં થવા મનમાં હમેશાં;
કરોડ વિચાર કર્યાજીરે, સુ૦ ૨૧
આ પુત્રી કેમ પામે સુખ એવી;
ફીકર રાખી ફર્યાજીરે, સુ૦ ૨૨
આખી ઉમરના ઉચાટ આગળથી;
ધ્યાનમાં રોજ ધર્યાજીરે, સુ૦ ૨૩
દલપતરામ કહે દિલમાંથી;
વળી તે નથી વિસર્યાજીરે. સુ૦ ૨૪

भरत चित्र शीखवानी.

ગરબી. ૧૨

"અલબેલીરે અંબે માત, જોવાને જઇએ." એ રાગ.

આવો આવોરે શીખીએ આજ, ભરતજ ભરવાને;
લાવો લાવોરે સઘળા સાજ, ચિત્ર ચિતરવાને.
ચિત્ર ચિતરવા ને ભરતજ ભરવા, માત પિતા, મન હરવારે;
જગ કરતાના કરતબને, કાંઈ કાંઈ ઉત્તેજન કરવા. ભ૦ ૧
પોપટ ચિતરો ને પાંજરૂં ચિતરો, ચિતરો ગાયો ચરવારે;
ફુલઝાડે તો ફુલડાં ચિતરો, ને આંબે ચિતરો મરવા, ભ૦ ૨
ચતુર મનુષ્યના ચેહેરા ચિતરો, સજ્જનને સાંભરવારે;

ચિતરો મંડપ ચોરી મધ્યે, વર વહુ બેઠાં વરવા, ભ૦ ૩
ભણતર ભણતી કુંવરી ચિતરો, શીખતી પાઠ સુધરવારે;
પનઘટની પણિઆરી ચિતરો,હોય જતિ જળ ભરવા, ભ૦ ૪
નિર્મળ જળની નદિયો ચિતરો ને, ચિતરો ગિરીવર ગરવારે;
નાટકશાળામાં નટ ચિતરોને, ચિતરો નરપતિ નરવા, ભ૦ ૫
પર્વતના પાયામાંથી જે, ઝરણાં લાગે ઝરવારે;
તે ચિતરીને હિમગિરિ ચિતરો, ઠંડકથી જળ ઠરવા, ભ૦ ૬
શિતળ વાયુ વાય શિયાળે, ને બાગે પાન વિખરવારે;
વૈશાખે વનવેલી ફુલે ને, જળ વરસે બાદરવા, ભ૦ ૭
ચિતરોને સજની મોતની મૂર્તિ, કુષ્ટ કરમથી ડરવારે;
બાવે પ્રભુનાં ભજનિક ચિતરો, અવસર અંત ઉગરવા, ભ૦ ૮
રતન સહિત રતનાગર ચિતરોને, ચિતરો નાવ ઉતરવારે;
સુત ધવરાવતી સુંદરી ચિતરો, પ્રીતે પુત્ર ઉછેરવા, ભ૦ ૯
ઝમરૂખ ચિતરો ને હાંડીઓ ચિતરો,ભોંય જાજમ પાથરવારે;
ખુબ સુરતની છબીયો ચિતરો, રંગ મહેલમાં ધરવા, ભ૦ ૧૦
વિધ વિધનાં કાંઇ વાસણ ચિતરો, ઘરમાં ઘણું વાપરવારે;
ગાડી બગી ને ચારઠ ચિતરો, સાંજ સવારે ફરવા, ભ૦ ૧૧
ચિત્ર થકી ચિત ચિંતા ટળવા, શોક સકળ પરહરવારે;
દલપતરામ કહે દુનીયામાં, સુખથી દિવસ નીસરવા, ભ૦ ૧૨

सासुनो विनय करवानी.

ગરબી. ૧૩

"આસો માસે શરદ પુનમની રાતજો" એ દેશી.

સાસુનો વીનય તે બેની બહુ કરો.
જેથી જગમાં ઝાઝી વધશે લાજજો;

સાસુની સેવાએ સુખ સૌ સંપજે,
હોશે તમારા ઘરમાં રૂડાં રાજ જો. સાસુનો૦ ૧
પરભાતે ઉઠીને તસ પાએ પડો,
તસ આશીષે પામો પુત્રનાં સુખજો;
આજ્ઞા માગી ઘર ધંધો રૂડો કરો,
કામ બતાવે કદી ન મરડો મૂખજો. સાસુનો૦ ૨
સાસુજી સામું તે કદી નવ બોલીએ,
વાણી મીઠી વદ તજી કડવાં વેણ જો;
આજ્ઞા કે માઝા કો દી નવ લોપીએ,
સહિયે સાસુ કહે કદિ કડવાં કે'ણજો. સાસુનો૦ ૩
લોક લડાવા ચડાવા તે ઝાઝા મળે,
પણ કદી ન માનો એવી આડી વાત જો;
ચઢાવી ચમકાવી તે અળગાં ટળે,
લઢતાને વેડવું તે દહાડો રાત જો. સાસુનો૦ ૪
એક એકની વાતો તે બીજાને કહે,
એમ લોક કરાવે ઘરમાં ઝાંઝુ ઝેર જો;
રાડ ઘણી રઢીઆળી બીજા લોકને,
બેની લડાઇએ ત્રીજાને થાય લહેરજો. સાસુનો૦ ૫
એ પ્રમાણે ઘરધન ઘરમાંથી ઘટે,
વળી ઘણી ઘટે તે ઘરની માઝા લાજ જો;
સંપ વિના સુખ નવ પામે સજના,
ડુબે ન આવે કોઇને તેપર દાઝ જો. સાસુનો૦ ૬

તરણા તોલે થાય વહુ વિનય વિના,
મળે ન માગી સાસુ પાસે આજ જો;
માન મળે નહીં તેને તે નીજ નાથનું,
રોપાએ તેથી તે દુખનું બીજ જો. સાસુનો૦ ૭
વઢકારી વહુજી તે સહુ સજ્જન કહે,
હીણપણું પામે સૌ લોકમાં એમ જો;
શિંહ કહે તે સાસુના વિનય વિના,
વહુ પામે પરમ સુખ ઘરમાં કેમ જો. સાસુનો૦ ૮

रामचंद्रजीए सीताने कागळ लख्यो तेनुं

ધોળ. ૧૪

"મામેરૂં મોંઘા મૂલનું" એ રાગનું.

સ્વસ્તિશ્રી પુરી લંકા સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી; પ્રીતમ લખે પ્યારીને.
રહો અખંડ એવાતન તમતણાં,
એવી આશિષ વાંચો અમારી, પ્રીતમ લખે પ્યારીને. ૧
ગોરી દૈવના જોગે જુદાં પડ્યાં,
પણ પ્રાણ મારા તુજ પાસ; પ્રીતમ લખે પ્યારીને.
બેસુ બાગ બગીચે કે બંગલે,
રહું તમ વિના અધિક ઉદાસ; પ્રીતમ લખે પ્યારીને. ૨
તારો સ્નેહ ઘડિયે ઘડી સાંભરે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય; પ્રીતમ લખે પ્યારીને.

તારા હેતથી હેડું ભરાયછે,
તે તો લખંણથી ન લખાય; પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અર્થે તમે બાળાપણ થકી,
તજ્યો સઘળો પિયરે પરિવાર; પ્રીતમ લખે પ્યારીને.
તારી નમ્રતા અમૃતથી ગળી,
વળી શોભિતો શાંત સ્વભાવ; પ્રીતમ લખે પ્યારીને. ૪
જેથી મનની ઉદાસી તુરત મટે,
તારા બોલનો એવો બનાવ; પ્રીતમ લખે પ્યારીને.
ગોરાદે તારા ગુણ કેમ વીસરે,
કેમ વિસરે વાલપ ભર્યાં વેણ; પ્રીતમ લખે પ્યારીને. ૫
હેતે હસતું વદન તારૂં વિનતા,
મારાં નિરખવા તલખે છે નેણ; પ્રીતમ લખે પ્યારીને.
દિવસે તુજ વિના ગોઠે નહીં,
પિવું પાણી કે જમવું અનાજ; પ્રીતમ લખે પ્યારીને. ૬
રાતે રોઇને આંખો રાતી થઇ,
લોક પૂછે તો આવેછે લાજ; પ્રીતમ લખે પ્યારીને.
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી,
કાલ ભાગશે ભવના વિજોગ; પ્રીતમ લખે પ્યારીને. ૭
જેથી રીઝે આપણને જગતપતિ,
એવો અહોનિશ કરવો ઉદ્યોગ; પ્રીતમ લખે પ્યારીને.
જેજે વૃદ્ધ પાડોશીઓ શુદ્ધ છે,
તેને પ્રીતથી કહેજો પ્રણામ; પ્રીતમ લખે પ્યારીને. ૮
વિભીષણ મારા મિત્ર પવિત્રને,
કહેજો જરૂરનું હોય જે કામ; પ્રીતમ લખે પ્યારીને.

જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુઝાશો ન મંન; પ્રીતમ લખે પ્યારીને. ૯
કાલે દેખીશું દીવસ આનંદના,
જાશે વિસરી આ દુઃખ ભર્યા દંન; પ્રીતમ લખે પ્યારીને.
જે જે પ્યારી તમારી સાહેલીઓ,
તેને પણ મારા કહેજો જુહાર; પ્રીતમ લખે પ્યારીને. ૧૦
સાસુ સસરાના આશિષે સુંદરી,
મળશું ભામનીને ભરેતાર; પ્રીતમ લખે પ્યારીને. ૧૧
વધે સ્નેહ સંપ સુજન સાથે,
તેવી તનમન રાખજો ટેવ; પ્રીતમ લખે પ્યારીને. ૧૨
અમે થોડી અવધે હવે આવશું,;
કહે દલપતરામનો દેવ; પ્રીતમ લખે પ્યારીને. ૧૩

सीताजीए रामचंद्रजीने कागळ लख्यो तेनुं

ધોળ ૧૫.

(રાગ ઉપર પ્રમાણે.)

સ્વસ્તિશ્રી શુભસ્થાન સોહામણું, જ્યાં રાજે સદા રઘુનાથ;
કાગળ લખે કામની.
લખે લંકા થકી સિતા સુંદરી, હેતે વંદે જોડી જોડ હાથ; કા૦ ૧
પત્ર આવ્યો તમારો પ્રીતે ભર્યો, વાલા વાંચી થયોવિશરામ; કા૦
પણ જીવણ તમથી જુદાં પડે, ઘણા દીવસ થયા ઘનશામ; કા૦ ૨
માટે મળવાને મન અકળાયછે, ઘડી એક તે જુગ જેવી જાય; કા૦
મારા નેણનાં નીરથી નાથજી; સુતાં રજનીમાં સેજભીજાય; કા૦ ૩
ઘેર ચાલો હવે તો ઘણી થઈ, નહિતો જીવડો જાશે જરૂર; કા૦

દૈવે પાંખો આપી હોય પિંડમાં, ઉડી આવું દેશાવર દુર; કા૦ ૪
વાલા નિત્ય નવી વારતા વાંચીએ, જેથી પામીએ પૂરો પ્રમોદ; કા૦
ચતુરાઇના ચોજ હું ચાળવું, આવો વિદ્યાના કરીએ વિનોદ; કા૦ ૫
તાંબાકુંડી ઊંડી રૂડી ઓપતી, ભાવે ભરૂં માંહિ નિરમળાં નીર; કા૦
બેસોબાજોઠ ચડીમારા ચોકમાં, સ્વામી નવરાવું ચોળી શરીર; કા૦ ૬
કરૂં સરસ રસોઈ રૂડી રીતથી, પ્રિતે પિરસીને બેસુ હું પાસ; કા૦
એવા દિવસ તે ક્યારે દેખાડશો, ક્યારે અંતરની પૂરશો આસ કા૦ ૭
સ્વામી તમ વિના પિયરને સાસરૂં, સૂનો લાગે છે સઘળો સંસાર; કા૦
મારા માથાથી મુંઘા પ્રભુ તમે, મારા આત્માના છો આધાર. કા૦ ૮
આવે પરવના દિન સુખ સરવને, હું તો શોકે રહું છું ઉદાસ; કા૦
ગાજે મેઘને દમકે જો દામની, આખી જામની જંપ ન થાય કા૦ ૯
હું તો સૂની દેખું સુખ સેજડી, ખાલી મંદીર ખાવાને ધાય; કા૦
ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે, એક તમ વિના ત્રિભુવનરાય; કા૦ ૧૦
વાલા હું તમને કેમ વિસરી, કેમ વીસરયું દાદાનું વતંન; કા૦
પત્ર વાંચીને વહેલા પધારજો, સ્વામી શરિરનાં કરજો જતંન. કા૦ ૧૧
કોઇને દુખિયાં દેખીને દુઃખ પામતા, તેવી નાથ તમારી છે ટેવ; કા૦
આવે અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરામના દેવ, કા૦ ૧૨

પ્રભાતીઉં. ૧૬

મળિ માતને તાત પ્રભાતમાં પુત્રીને, સુણ કહી વાત ગઇ રાત વીતી;
ઉઠી અત્યારમાં અધમ ઉદ્ધારમાં, જગત કરતારમાં જોડ પ્રીતી. મળી૦
વગડાં ઢુંકડાં કુકડાં બોલિયા, ખોલિયાં બાર દરબાર કેરાં;
જાગિયા લોક તે ઉદ્યમે લાગીયા, વાગિયા ઘંટ જ્યાં દેવ દેરાં. મળી૦ ૧

ઉદિત આદિત્ય આકાશ આભાસમાં, ચંદ્ર પ્રકાશ તો નાશ પામ્યો;
પ્રગળીને પાંણી થઈ ઝરણમાં જાયછે, હોયજે હીમથી બરફ જામ્યો. મ૦૨
ચકલી ચકચક કરે કાગ કાકા કરે, હંસ પોપટ મેનાં મધુર બોલે;
રાગ પરભાતિ કોઇ ગાય ખુશ થાયછે, ગાય ભેંશો ગળેબંધ ખોલે. મ૦૩
ઘંટિના ઘોર સુણ જોરથી જો વળી, મસિદમાં બાંગ મુલ્લાં પોકારે;
સ્નાન કરિ સુંદરી જળ ભરી જાયછે, ના'યછે કંઈ નદિને કિનારે; મ૦૪
જોતું દીવો જઇ જોત ઝાંખી થઇ, ચોરને ઘુડ સંતાઇ પેઠા;
પત્ર પ્રફુલિત થયાં પતિત થઈ પોયણી, બગઠ ગો જઇ નદી ઘાટ બેઠા; મ૦૫
ખેડુ ખેતી કરે સોનિ સોનું ઘડે, લોહ લુહાર કંસાર કાંસુ;
નાર મરનારને રાગ તાણી રુવે, આંખમાં એક નહિ હોય આંસુ. મ૦૬
ઉઠિ નરનારિયો ઉઘડી બારિયો, દેખ મહિયારીઓ મહિ વલોવે;
જો વટેમારગુ જાયછે વાટમાં, ઘાટમાં ધોબિજન વસ્ત્ર ધોવે. મ૦૭
ધીર શુરવીર તે ધનુર વિદ્યા ધરે, રાજદરબાર વાજીંત્ર વાજે;
ચોકિ બદલાયછે ચોક છંટાયછે, રાય જઈ બાગ મધ્યે બિરાજે. મ૦૮
કુળવતી નારી સંતાન સંભાળતી, મધુર મુખ બોલતી બોલ ઉઠી;
બાળને મારતી ધણિને ધમકાવતી, ફુઅડ રંડા કરે કલેશ રુઠી. મ૦૯
હોય ધનવંત ધીમંત ધોઈ દંતને, સ્નાન કરિ સરસ સુગંધિ સુંઘે;
આળસુ એદિને અકલના આંધળા, અફિણિયા એ સમે ખૂબ ઊંઘે. મ.૧૦
આ સમે ઉઠી અભ્યાસ જે આદરે, આઠ દશ માંસમાં અરથ સાધે;
વનતણા પવનને સેવતાં આ સમે, થાય આરોગ્ય તન વરસ વાધે. મ.૧૧
વીસરી હોય તે વાત પણ સાંભરે, આ સમે ઉઠિ જો યાદ કરીએ;
કઠણ જે દલપતરામનું કામછે, કાવ્ય કલ્લોલ તે તરત તરિયે. મ૦૧૨

જુઠું ન બોલવા વિષે.

ગરબી. ૧૭

"વનમાં ભુલી પડીરે પેલો ક્યાં ગયો કાનુડો."

ઠગમાં તે ઠરેરે જગમાં જે જન બોલે જુઠું;
જુઠે રૂઠે જગપતી વળી, આબરૂ કહે હું ઉઠું; ઠગમાં તે૦
એ કપટીનું કોઈ ન માને, સમજાતાં પણ સાચું,
વાટે ઘાટે વાત કરે જન, ડાટો એનું ડાચું; ઠગમાં તે૦ ૧
સેહેજ સ્વભાવે હસતાં હેતે, વદો ન જુઠી વાણી,
તજો તમે તે ટેવ નઠારી,જુઠામાં દુખ જાણી; ઠગમાં તે. ૨
ઢોંગીને વાગે ઢીંચણમાં પિડા પિડા પોકારે,
સુણનારા કોઈ સત્ય ન માને,ઢોંગ હશે એમ ધારે;ઠગમાંતે. ૩
પ્રથમ થકી પતિયાર ગયો તો, પછી ન પાછો પામે,
ચોરી કોઇક કરે પણ પડશે, નર તસ્કરને નામે;ઠગમાંતે. ૪
સોનાનો શણગાર સરસજો, ઘડનારો ઘડી લાવે,
બદલી લેનારો બદલી લે પણ,સોનીને શીર આવે;ઠગમાંતે. ૫
બીલાડો બહુ સાધુ બનીને, દયા ઘણી દીલ ધારે,
ઉંદરને વિશ્વાસ ન આવે, વિતિ વાત વિચારે; ઠગમાંતે. ૬
છે જુઠું તે છાવરતાં પણ, છેક રહે નહીં છાનું,
વરશે કે બે વરશે વળતી, પછી ઉકલશે પાનું; ઠગમાં તે. ૭
જુઠું બોલ્યાથી જર જામે, તોપણ દુખ છે તેમાં,

કઠણ કહી લોકો ધિક્કારે, આગ ઉઠી જર એમાં; ઠગમાંતે.૮
કદી મળે ધન લાખ કરોડો, તોપણ તે શું કરવું,
બોજ કરમનો માથે બાંધી, મેલીને જર મરવું; ઠગમાં તે.૯
છાનું જુઠું છાવરીયે પણ, જગતપતિ તો જાણે,
ભારે પીડા ભોગવવી પછી, નવ છુટીયે એ નાણે;ઠગમાંતે૧૦
આ જગનું સુખ અલ્પ સમજવું, અતિ લાંબું દુખ અંતે;
પાને લખતાં પાર ન આવે, લખ્યુંછે વિદ્યાવંતે; ઠગમાંતે.૧૧
તે જન ડાહ્યો તેજ કમાયો, જે નહી જુઠું બોલ્યો,
દલપતરામે દીલમાં દેખી,ખરેખરો મત ખોલ્યો;ઠગમાંતે.૧૨

विद्यावंति नार केवी देखाय छे.

તે વિષેનું ગીત. ૧૮

"ત્રાંબા કુંડીરે નગર સોહામણી, માંઈ ભ૦" એ રાગ.

વિદ્યાવંતીરે નાર સોહામણી,
એમાં ભરિયારે વિનય વિવેક,
સાહેલીરે જશ જગમાં વધ્યો.
દીસે અકલથી અતિ રળીયામણિ,
મીઠાં વાયકરે લાયક તેહ; સાહેલીરે. ટેક. ૧
સાસુ સસરાને આશરા આપતી,
સેવા કરતીરે સો ગણે હેત, સાહેલીરે.
પગે ચાલતી કીડી ન ચાંપતી.

દયાવાળીરે ઘણી સાવચેત, સાહેલીરે. ૨
ઘરના કામમાં તો જાણે હાથણી,
કારભારમાંરે ચોથો થંભ; સાહેલીરે.
લાજ મરજાદ સર્વે જન તણી,
સાસુ કહેતીરે નહિ ધરતી દંભ, સાહેલીરે. ૩
નણંદ લડીને આણંદ આણતી,
ભાણેજનેરે ઉત્તેજન અંગ; સાહેલીરે.
જેઠાણીને શેઠાણી જાણતી,
દેરાણીથીરે ઘેરાણિ અંગ; સાહેલીરે. ૪
માશિજીની આશિષ પામતી,
ફઇજીનેરે ગઇ મટી પીડ; સાહેલીરે. ૫
કાકિજીથી તે પાકી જામતી,
મામિજીનીરે સામી ન ચીડ. સાહેલીરે. ૬
ભાભિ નાભિને થાંભિ રાખતી,
તાત માતનેરે પૂછતિ વાત; સાહેલીરે. ૭
દાસ દાસીની આશીષ પુરતી,
પાડોશીથીરે નહીં જાણતી ઘાત. સાહેલીરે. ૮
ગુરૂ પાસે ઘણી બહેનોને ગણી,
મળી મનમાંરે જેમ સાકર ખીર; સાહેલીરે. ૯
પુછી કાંઇ ને લેતી મન તણી,

ગોઠવણીરે એવિ વાતમાં ધીર; સાહેલીરે. ૧૦
સુણી અડધું તો પૂરૂં સમજતી,
આંખે દેખતાંરે લખતી ભેદ; સાહેલીરે. ૧૧
તેવું સિદ્ધ કરી મન રીઝતી,
ચૂકી જાતાં રે થઈ જતિ કેદ; સાહેલીરે. ૧૨
વાણી જાણીએ અમૃતની નદી,
મેંશ નેણે રે જેમ ભૂષણ રેણ; સાહેલીરે. ૧૩
પેરે વસ્તર જાણિયે દ્રૂપદી,
હીરો કહેછેરે એવી સૌ સુખ દેણ;સાહેલીરે. ૧૪

गरबी १९ मी.

રાગ ગુજરી.

ચાર વરસની ચતુરા ચાલી, ભોળિ ભણવા વિદ્યારે,
લીપીધારા ચીપી વાળિ, તજતાં કાંઈ નિંદ્યારે. ચાર. ૧
વાતો ગોખી મોહોડે કીધી, કહણ પદારથ પૂછેરે;
રાખ રમત ઉડાડી દીધી રડવું ન જાણે શુંછેરે. ચાર. ૨
બોધ વચનનો શોધ કરીને, તે પરમાણે કરતીરે;
માત વચનમાં ચીત ધરીને, ધામ કામ અનુસરતીરે. ચા. ૩
તાત ભ્રાતને પ્રશ્ન પીયારૂં, પૂછી ઉત્તર માગેરે,
તેમાં પણ કાંઇ શંકા સારૂ, ઉલટી સંશય ભાગેરે; ચા. ૪
બાળમિત્રની ચિત્ર કથા રસ, સમજી સુખડાં પામેરે;

થાય નહી અણગમતીને વશ, મુરખના દુઃખ વામેરે. ચા. ૫
ઇતીહાસ મહારાજની ચરચા, સુખ દુઃખ જે દુનીઆનારે,
જાણ્યા ધરમ દેવના પરચા, વરસ હજાર થયાનારે. ચા. ૬
પૃથ્વી ગોળની ખોળ કરી મન, દેશ વિદેસ દશા દશરે;
સાગર ડુંગર સરસરિતા વન, જન ધન અનધનરસ કસરે; ચા. ૭
પોલ ખગોળની મકર કરક વૃત, વિશુવવૃત ગ્રહ ધ્રુવ તારારે;
તે સરવે ઇશ્વર શક્તિ કૃત, ભ્રમણા કર્ષણ ભારીરે. ચા. ૮
શાળોપયોગી નીતિ ગ્રંથનું, તત્વ સર્વ ઉર આણેરે;
મન ક્રમ વચને કહ્યું કંથનું, કરે તયાર તે ટાણેરે. ચા. ૯
અપલક્ષણને બાદ કરીને, સારૂં રાખે બાકીરે;
ભાગાકાર સમાત હરીને, વેર ન રાખે તાકીરે, ચા. ૧૦
સરવાળાસમ ભેળું કરતી, હેત કુટંબની સાથેરે;
હીરાચંદ કહે એ સુખ માણે, ભણવું બાળપણે વરરે. ચા. ૧૧

बुद्धिवहुने शीखामण विषे. २०

સાચી સમજણ બુદ્ધિને ખોટીરે લાગે.
સંત મનાવેતો માનું હો લોલણી;
સાચી સમજણ બુદ્ધિને ખોટીરે લાગે. ટેક.
શીળ સંતોષ કહોતો કક્ષાં ઘડાવું,
કરૂણાની કાંબિયો પહેરાવું હો લોલણી; સાચી.

વિવેક વિચાર કહોતો વિંછવા ઘડાવું,
હર્ષના ઘુઘરા બંધાવું હો લોલણી; સાચી. ૧
સાધન સંપતિ કહોતો ચુડલો પેહેરાવું,
ક્ષમાની ચીપો ચડાવું હો લોલણી; સાચી.
જ્ઞાન વૈરાગ્ય બાજુબંધ સોવરાવું.
શાંતીનું રતન જડાવું હો લોલણી; સાચી. ૨
પ્રેમનાં પુષ્પો ગળામાં નંખાવું,
લક્ષનો દોરડો પ્રોવરાવું હો લોલણી; સાચી.
ટેકરૂપી કહોતો તુસિઓ ઘડાવું,
દયાની દામણી બંધાવું હો લોલણી; સાચી. ૩
સત સંગતરૂપી ગુલર ઘડાવું,
લગનનું લોળીયું પેહેરાવું હો લોલણી; સાચી.
ભક્તિરૂપી કહોતો વાળી ઘડાવું,
મુક્તિની ચુનિયો મેલાવું હો લોલણી; સાચી. ૪
નેહનું નયણે કહોતો કાજળ સરાવું,
હેતની આડ્યો કરાવું હો લોલણી; સાચી.
સીધી સમજણ કહોતો સેંથો પુરાવું,
જોગનો ચાંદલો ચોઢાવું હો લોલણી; સાચી. ૫
ધીરજરૂપી કહોતો વેણી ગુંથાવું,
ગુરૂગમ ગોફણો લટકાવું હો લોલણી; સાચી.

ચોખ્ખી ચાલની તમને ચોળી શીવડાવું,
ચેતની ચુંદડી પેહેરાવું હો લોલણી; સાચી. ૬
સાચી કરણીનો કહોતો કંચુવો શીવડાવું,
ભાવનું ભરત ભરાવું હો લોલણી; સાચી.
દાસ ગોપાળ કહે એ સમજણ સાચી,
દક્ષનો લક્ષ બતાવું હો લોલણી; સાચી. ૭

पस्तावा विषे. २१

દોહરો.

પસ્તાવો કર પ્રાણિયા, ચિતમાં ચેત વિચાર;
ખાંતે ખોયું ખેલમાં, શિશૂપણું સંભાર. ૧

લલિત છંદ.

શિશૂપણું પુરૂં ખેલમાં ખપ્યું, ન હરિનામ તેં જીભથી જપ્યું;
જરૂર જાણજો જોબને જશે, સમજ પ્રાણિયા શી ગતી થશે. ૧
ન જગતનાથને ભાવથી ભજ્યા, થર કુકર્મના તેં ન તે તજ્યા;
પ્રભુ તને પછી લેખુ પુછશે, સમજ પ્રાણીયા શી ગતી થશે. ૨
ફિકર છોડીને ફેલમાં ફર્યો, દિલ વિષે નહી દોષથી ડર્યો;
અનચિંતું તને મોત આવશે, સમજ પ્રાણીયા શી ગતી થશે. ૩
સર્વ કાળ જઇ જો સ્મશાનમાં, અખુટ ચે' બળે ધાર ધ્યાનમાં;
મરણ તે તને કેમ મૂકશે, સમજ પ્રાણીયા શી ગતી થશે. ૪

જન જુવાનીયા જે જણાયછે, નિમિષ માત્રમાં નાશ થાયછે;
તુજ તણા ગયા હેતુએ હશે, સમજ પ્રાણીયા શી ગતી થશે.૫
ચતુર ચેતી તું જો વિચારીરે, જગત સર્વતો છે જનારરે;
અચળ કોણ આ વિશ્વમાં વસે, સમજ પ્રાણીયા શી ગતી થશે.૬
દહન કૈં થયા તૂજ દેખતાં, લખિ શકે નહીં લેખું લેખતાં;
તદપિ ચિત્તમાં તું જો ન ચેતશે,સમજ પ્રાણીયા શી ગતી થશે.૭
કપટ કૂડનાં કર્મ તેં કર્યાં, ધન રળી રળી ધૂળમાં ધર્યાં;
કર વિચાર તે કોણ કાઢશે, સમજ પ્રાણીયા શી ગતી થશે. ૮
સ્વપ્ન તુલ્ય આ સર્વ લોક છે, હરઘડી થતા હર્ષ શોક છે;
પલક એકમાં નાશ પામશે, સમજ પ્રાણીયા શી ગતી થશે.૯
લલિતછંદથી લાભ લેખીલે, દલપ્રતી ધરી દ્રષ્ટિ દેખી લે;
પ્રભુ વિના તને કોણ પાળશે, સમજ પ્રાણીયા શી ગતી થશે.૧૦

દોહરો.

સમજ પ્રાણીયા શોધ કર, ચોંપ કરીને ચાલ;
કરવાનું તે આજ કર, કોણે દીઠી કાલ. ૧

સમાપ્ત.